# <u>ક્રિ.ઈન્ક.નં– ૮૮૫/૨૦૧૮ ના કામે આંક– ૧ નીચે હુકમ</u>

આ કામે ફરીયાદી ની ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો. તથા ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી. જે.એમ.પારેખ ને સાંભળ્યા.

આ કામે ફરીયાદ હકીકત તથા દસ્તાવેજી પુરાવો અને ફરીયાદ પક્ષની મૌખિક દલીલો ઘ્યાને લઈએ તો આ કામના ફરીયાદણ અરુણાબેન અમીતકુમાર વાણીયાએ આ કામના ૧૦ આરોપીઓ વિરુઘ્ઘ ઈ.પી.કો. કલમ ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ની ધારા કલમ ૩ અને ૭ મુજબની આ લેખીત ફરીયાદ અત્રેની અદાલતમા તા. ૧૫/૦૫/૧૮ ના રોજ રજુ કરતા આ ફરીયાદ ઈન્કવાયરી અરજી રજીસ્ટ્રરે નોઘવા તથા સુનવણી માટે આજ રોજ તા. ૩૦/૦૫/૧૮ ના રોજ રાખવાનો વિ.ઈન્ચાર્જ એડી.ચીફ.મેટ્રો.મેજી. કોર્ટ નં– ૧૦ નાએ હુકમ કરેલ છે.

આ કામે ફરીયાદ હકીકત દસ્તાવેજી પુરાવો અને મૌખિક દલીલો ઘ્યાને લઈએ તો આ કામના આરોપી નં– ૧ થી ૪ ના અમદાવાદ જીલ્લાના સાણંદ મુકામે રહે છે જયારે આરોપી નં– ૫, ૬ અને ૮ ના સાણંદ તાલુકાના વાહણ ગામે રહે છે. આરોપી નં– ૭ સાણંદ તાલુકાના સોયલા ગામે રહે છે. જયારે આરોપી નં– ૯ અને ૧૦ સાણંદ તાલુકાના માધવનગર ગામે રહે છે. આમ આરોપીઓ સાણંદ તાલુકાના જુદા જુદા ગામના રહીશો છે અને ફરીયાદણના લગ્ન કુલહાર વિધી થી તા. ૨૪/૧૧/૧૫ ના રોજ આરોપી નં– ૧ સાથે થયેલ છે અને આરોપીઓએ ફરીયાદણને તા. ૨૪/૦૯/૧૬ ના રોજ સાણંદ મુકામે થી કાઢી મુકેલ છે. તથા ફરીયાદ હકીકત ઘ્યાને લઈએ તો ફરીયાદ મા જણાવ્યા મુજબના તમામ બનાવો સાણંદ નગરમા જ બનેલા છે.
એટલે કે ફરીયાદ મા જણાવ્યા પૈકીનો કોઈ પણ બનાવ આ અદાલતની સ્થાનિક હકુમતમા એટલે કે અમદાવાદ શહેરમા બનેલો હોવાનુ ફરીયાદ જોતા જણાઈ આવતુ નથી. આમ આ હકીકત ઘ્યાને લઈએ તો આ ફરીયાદમા જણાવ્યા મુજબના બનાવ અંગેના ગુનાઓ બાબતે કોગ્નીઝન્સ લેવાની આ અદાલતને કોઈ પણ જાત ની સતા કે હકુમત નથી.

ક્રિમીનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ ની કલમ ૨૦૧ ની કાનુની જોગવાઈઓ ઘ્યાને લઈએ તો જયારે કોઈ મેજીસ્ટ્રેટ સમક્ષ ફરીયાદ કરવામા આવી હોય અને તે મેજીસ્ટ્રેટ ને તે ગુના અંગે ન્યાયિક કાર્યવાહી અંગે વિચારણા કરવા સ્મર્થ ન હોય તો મેજીસ્ટ્રેટ તે ફરીયાદ યોગ્ય કોર્ટમા આપવા ફરીયાદી ને પરત આપશે અને તે બાબત નો તે શેરો કરશે.

આમ આ કેસ ની હકીકત જોતા આ અદાલતને આ ફરીયાદ મા જણાવ્યા મુજબ બનાવ બાબતે ન્યાયિક કાર્યવાહીં કરવા હકુમત ન હોય આ ફરીયાદ ફરીયાદણ ને યોગ્ય હકુમત ધરાવતી અદાલતમા રજુ કરવા માટે પરત આપવી મને જરુરી, યોગ્ય અને ન્યાયિક જણાય છે. તેથી ન્યાયના હિતમા આ ફરીયાદ ફરીયાદણ અરુણાબેન અમીતકુમાર વાણીયા ને યોગ્ય હકુમત ધરાવતી અદાલતમા રજુ કરવા માટે પરત આપવાનો હુકમ કરુ છું.

હુકમ આજ રોજ તારીખ ૩૦ મી મે સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા લખાવી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ: અમદાવાદ
તા. ૩૦/૦૫/૧૮

એડી.ચીફ.મેટ્રો.મેજી. કોર્ટ નં– ૧૧
ઘી કાંટા, અમદાવાદ